ક્રમાંક-ઇજર/તપા-નોનિ/ એમ. ૧-૨૦૦૨ / ૩૪૩૯-૬૩

નોંધણી સર નિરીક્ષક કચેરી,
ગુજરાતરાજ્ય,ગાંધીનગર,
સ્ટેમ્પ અને નોંધણીભવન.,
સેક્ટર-૧૩-સી.,ખ.રોડ,
ગાંધીનગર.તા.૧૬/૪/૨૦૦૫

વિષય:- સ્ટેમ્પડ્યુટીની આકારણી માટે લેખનો પ્રકાર નક્કી કરવા બાબત.
સંદર્ભ:-પરિપત્રક્રમાંક-તપા-નોનિ/૩૧/૦૩/૧૯૬૧/૧૭૧૧૦-તા.૩૧-૭-૧૯૯૩.

## પ રિ પ ત્ર

એ.જી.શ્રી સાથેની તા.૬-૪-૨૦૦૫ ના રોજ યોજવામાં આવેલ મીટીંગમાં વાંધામાં લેવામાં આવતા પારાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. એ.જી.શ્રી દ્વારા ધ્યાન દોરવામાં આવેલ છે કે, વાંધામાં લેવાયેલ પેરાઓમાં એકજ પ્રકારના વાંધાઓનું પુનરાવર્તન થતું હોય છે. સબ-રજીસ્ટ્રાર દ્વારા દસ્તાવેજનું ટાઇટલ વાંચીને તેઓનું વર્ગીકરણ કરવામાં આવે છે. સામાન્ય રીતે હક્કપત્ર અનામત મુક્વા / ડીપોઝીટ ઓફ ટાઇટલ ડીડ, મોર્ગેજ, એગ્રીમેન્ટ, એગ્રીમેન્ટ ટુ સેલ, કબજા વગરના / કબજા સહીત તથા ડેવલપમેન્ટ કરાર વિગેરે પ્રકારના દતાવેજોમાં એ.જી.શ્રી દ્વારા વાંધાઓ ઉપસ્થિત કરવામાં આવે છે.

આમ ઉપરોક્ત પ્રકારના તમામ દસ્તાવેજોમાં સંદર્ભ વાળા પરિપત્રથી આપેલ સુચના તેમજ સમગ્ર દસ્તાવેજોની ઇબારત (લખાણ) ધ્યાને લઇ નક્કી કરેલ આર્ટિકલ મુજબ પુરેપુરી સ્ટેમ્પડ્યુટી દસ્તાવેજમાં વાપરવામાં આવેલ હોય તો જ નોંધણી અંગેની નિયમોનુસારની કાર્યવાહી કરવા આથી રાજ્યના તમામ સબરજીસ્ટ્રારશ્રીઓને સુચના આપવામાં આવે છે.

સહી.એચ.બી.વરીયા
નોંધણી સર નિરીક્ષક
ગુજરાતરાજ્ય, ગાંધીનગર.

નકલ રવાના :
(૧) નોંધણી નિરીક્ષકશ્રી તમામ તરફ જાણ તથા અમલ સારુ.
(વધારાની ઝેરોક્ષ નકલ કઢાવી સબ રજીસ્ટ્રારશ્રીઓને પહોંચાડી અમલ કરવા સારુ.)
(૨) ઇ.જ.ર. કચેરીની તમામ શાખા તરફ.

રવાના કર્યુ.,

(એ.વી.ઝાલા)
નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુજરાતરાજ્ય,ગાંધીનગર.